# IITના સ્ટુડન્ટ્સે બાળકો માટે બનાવ્યાં રમકડાં

**અમદાવાદ : ૨ ઓગસ્ટ ૨૦૧૩**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇ.આઇ.ટી)માં ન્યૂ કમર્સ સ્ટુડન્ટ્સ માટે ખાસ ફાઉન્ડેશન પ્રોગ્રામ અને અલગ અલગ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે એન્જિનિયરિંગના સ્ટુડન્ટ્સ માટે માટી અને કપડાંના રમકડાં તૈયાર કરવાના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આઇઆઇટીના કેમ્પસમાં મજૂરીકામ કરતાં લોકોના બાળકો આ રમકડાંની મદદથી કઇ રીતે અભ્યાસ કરી શકે તે થીમ પર અલગ અલગ ગ્રૂપમાં રમકડાં તૈયાર કરવામાં આવ્યાં હતા. એક ગ્રૂપ દ્વારા બાળકોને ઉપયોગી થઇ શકે તેવા ઓશિકાની બીજી બાજુ અઠવાડીયાના વારના નામ ઇંગ્લિશ અને હિન્દી ભાષામાં લખવામાં આવ્યાં હતા. એ જ રીતે કોઇએ બોટ બનાવીને બાળકોને શીખવાડવાનો પ્રયત્ન કર્યો હતો. આવા વિવિધ પ્રકારના અવનવાં મોડલ સ્ટુડન્ટ્સે તૈયાર કર્યા હતા.









આ વર્કશોપ ઉપરાંત એક કલે મોડેલિંગ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટુડન્ટ્સ દ્વારા માટીના અલગ અલગ મોડલ તૈયાર કરવામાં આવ્યાં હતા. જેમાં કોઇ સ્ટુડન્ટે કૂવો બનાવ્યો હતો તો કોઇએ પ્રાણીઓના મોડલ બનાવ્યાં હતા. આ સિવાય ગામડાંનું દ્રશ્ય, ગિટાર, પ્રાણીઓની આકૃતિઓ જેવી અવનવી ચીજવસ્તુઓ બનાવી હતી.



